# સાબરકાંઠા જિલ્લાની ૭ વિધાનસભા બેઠકો માટે ચુસ્ત બંદોબસ્ત વચ્ચે ઇ.વી.એમ.ની ફાળવણી


## બેઠકોના રિટર્નિંગ ઓફિસરને ઇ.વી.એમ.ની સોપણી કરાઇ

હિંમતનગર, તા. ૫

સાબરકાંઠા જિલ્લાની સાત વિધાનસભા બેઠકો માટે આગમી તા.૧૭ ડિસેમ્બરે મતદાન થનાર છે ત્યારે જિલ્લા ચૂંટણી અધિકારી આદેશ અનુસાર કોમ્પ્યુટરાઇઝ નોંધણી સાથે સાત વિભાનસભા બેઠકોના રિટર્નિંગ ઓફિસરને ઇલેકટ્રોનિક વોટીગ મશીનની ફાળવણી કરવામાં આવી હતી.

આ અંગે ચૂંટણી વિભાગના સૂત્રોમાંથી -ાપ્ત માહિતી અનુસાર જિલ્લાની હિંમતનગર, ઇડર, ખેડબ્રહમા, ભિલોડા, મોડાસા, બાયડ અને -ાંતિજ વિધાસભાની ચૂંટણી માટે જિલ્લામાં ૪૨૦૦ બેલેટ યુનિટ તથા ૩૨૦૦ કંટ્રોલ યુનિટ આપવામાં આવ્યા હતા. જેમાંથી ૪૧૫૨ બી.યુ. યુનિટ તથા ૩૧૪૪ સી.યુ. યુનિટનો વપરાશ કરવાનું નકકી કરવામાં આવ્યુ છે. નિષ્ણાતો તથા રાજકીય પક્ષો, -તિનિભીઓની હાજરીમાં ઇ.વી.એમ. મશીનોની ચકાસણી કરવામાં આવી હતી. મુખ્ય ચૂંટણી અધિકારી અને જિલ્લા કલેકટર એસ.સી. પટેલ અને નાયબ ચૂંટણી અધિકારી એફ.એ. બાબી, હિંમતનગર -ાંત અધિકારી રીંકેશ પટેલ તથા ઉચ્ચ અધિકારીઓની ઉપસથિતિ વચ્ચે જુની કલેકટર કચેરીના સભા ગૃહમાં સાત વિધાસભા વિસ્તારના રિનનિંગ ઓફિસરોને ઇ.વી .એમ. મશીનની ફાળવણી કરવામાં આવી ચુંટણી વિભાગ દ્વારા -ાપ્ત માહિતી અનુસાર ગ્રામ્ય અને શહેરી વિસ્તારોના મતદારોને ઇ.વી.એમ. થી કેવી રીતે મતદાન કરી શકાય તે માટેની માહિતી આપવામાં આવશે.

ચૂંટણીપંચ તફથી ફાળવવામાં આવેલ ઇ.વી.એમ. મશીનને રેન્ડેમાઇઝેશન પધ્ધતિથી સાત વિભાનસભા મતમ વિસ્તારમાં ફાળવવામાં આવ્યા છે. દરેક મત વિસ્તારમાં ફાળવાયેલ ઇ.વી. એમ. માંથી ૭ ટકા ઇ.વી.એમ. જાગૃતિ કાર્યક્રમ માટે ૨૦ ટકા ઇ.વી.એમ. અનામત અને બાકીના ઇ.વી.એમ.નો મતદાન માટે ઉપયોગ કરાશે.


(તસવીર : મગન વણઝારા, હિંમતનગર)

### સાબરકાંઠા કલેકટર તરીકે સાહબીના હુસેન

સાબરકાંઠા જિલ્લા કલેકટર તરીકે એક માસ અગાઉ મુકાયેલા એસ.સી. પટેલની ચૂંટણી પંચે બદલી કરી તેમની જગ્યે સાહબીના હુસેનને મુકવામાં આવ્યા છે. જિલ્લાની સાત વિધાનસભાની બેઠકોની ૧૭ ડિસેમ્બરે ચૂંટણી યોજનાર છે. જેના માટે વહિવટીતંત્ર સજજ બની કામ કરી રહીયું છે. ત્યારે એક જ માસના ટુંકા ગાળામાં કલેકટરની બદલી થતાં આ મૃદો દિવસ દરમિયાન ટોક ઓફ ધી ટાઉન બનવા પામ્યો હતો.

# હિંમતનગર બેઠક પર ગૃહમંત્રી સામે ભાજપના પૂર્વ મંત્રીના પુત્રને ભીડાવવાની કોંગ્રેસની વ્યૂહરચના

## ચૂંટણી લડવા ઇચ્છુક કોંગ્રેસના ડઝનથી પણ વધારે ઉમેદવારો પૈકી કેટલાકના દિલ્હીમાં ધામા

હિંમતનગર, તા. ૫

સાબરકાંઠા જિલ્લાની ૭ વિધાસભા બેઠકો ઉપરથી ચૂંટણી લડવા માટે કોગ્રેસમાં રાફડો ફાટયો છે. એક બે સીટોને બાદ કરતાં બાકીની સીટો ઉપર ડઝનથી પણ વધારે ઉમેદવારો એ ટીકીટ મેળવવા દાવો કર્યો છે. જેમને કોઇ ઓળખતું પણ નથી કે કયારેય પાલિકાના કે ગ્રામ પંચાયતના વોર્ડની પણ ચૂંટણી લડયા કે જીત્યા નથી તેવા ઉમેદવારો પણ કોગ્રેસની ટીકીટ લેવા માટે મેદાને પડયા છે. જિલ્લાના વડા મથક હિંમતનગરની બેઠક કે જેના ઉપર બદાની મીટ મંડાયેલી છે. તે બેઠક ઉપર ગૃહરાજય મંત્રી -ફુલભાઇ પટેલ સામે ચૂંટણી લડવા માટે એક ડઝનથી પણ વધારે ઉમેદારોએ કોગ્રેસમાંથી દાવેદારી કરી હોવા છતાં કોગ્રેસ મોવડી મંડળ ગૃહમંત્રી સામે ભાજપના પૂર્વમંત્રી રણજીતસિંહ ચાવડાના પુત્ર રાજેન્દ્રસિંહ ચાવડાને મેદાનમાં ઉતારવા માટે વ્યુહ ઘડાઇ રહયો છે. ત્યારે બીજી બાજુ કોગ્રેસમાંથી ચૂટણી લડવા ઇચ્છુક કેટલાક ઉમેદવારો ટિકીટ મેળવવા માટે દિલ્હી આટાં ફેરા મારી ધામા નાખ્યા છે.

હિંમતનગર વિભાનસભાની બેઠક જિલ્લા માટે મહત્વની છે. ગત ચૂંટણીમાં ભાજપમાંથી વિજયી બનેલા ધારાસભ્ય -ફુલભાઇ પટેલ ગૃહરાજય મંત્રી પદે આરૂઢ થયા હતા આ વખતે પણ હિંમતનગરની બેઠક ઉપર તેમનું નામ નિશ્રિત મનાઇ રહયું છે. ૬૦ હજારથી પણ વધારે ક્ષત્રિય અને ૪૦ હજાર જેટલા લધુમતિ સમાજના મતોનું -ભુત્વ ધરાવતી હિંમતનગર બેઠક ઉપર કોગ્રેસના ઉમેદવાર બનાવા માટે પડાપડી થઇ રહી છે એક ડઝનથી પણ વધારે મુરતિયાઓએ ટીકીટ માટે દાવો કર્યા છે. અને ટીકીટ મેળવવા માટે કવાયત હાથ ધરી દિલ્હીના ચકકર શરૂ કરી દીધા છે. કેટલાક ટીકીટ વાચ્છુઓ એ તો દિલ્હીમાં ધામા નાખ્યા છે.

હિંમતનગરની બેઠક ફરીથી જીતવા માટે ભાજપે કમર કસી છે. તો સામે પક્ષે કોગ્રેસ પણ કોઇ પણ ભોગે આ બેઠક ભાજપ પાસેથી આંચકી લેવા માટે મકકમ બની કયા ઉમેદવારને લડાવીએ તો બેઠક મળે તેની કવાયત હાથ ધરી ભાજપના પૂર્વ મંત્રી રણજીતસિંહ ચાવડાના પુત્ર રાજેન્દ્રસિંહ ચાવડાને ગૃહમંત્રી -ફુલભાઇ પટેલ સામે મૈદાનમાં ઉતારવા માટેનો તખ્તો તૈયાર કરી દીધો છે. પૂર્વ મંત્રી રણજીતસિંહ ચાવડાનું ક્ષત્રિય મતો ઉપર -ભુત્વ છે. તે ઉપરાંત ૪૦ હજાર લઘુમતિ અને ૩૪ હજાર એસ.સી.મતોના ગણિત થી કોગ્રેસ હિંમતનગરની બેઠક જીતવા તત્પર છે.



(તસવીર : કાન્તીલાલ લોધા, ડીસા)

### ડીસા ખાતે બ્રહ્માકુમારીઝ અને લાયન્સ કલબ દ્વારા સ્વાસ્થ્ય સમારંભ યોજાયો

બ્રહ્માકુમારીઝ સેવા કેન્દ્ર લાયન્સ કલબ ડીસાના સંયુક્ત ઉપક્રમે ગત તારીખ.૪ નવેમ્બરના રોજ સવારે ૯:૩૦થી ૧૨:૧૫ કલાક સુધી ડીસા લાયન્સ હોલ ખાતે '' સંપૂર્ણ સ્વાસ્થ્યનો આધાર તનાવ મુક્ત જીવન'' વિષય ઉપર સમારંભ યોજાયો હતો. જેમાં તનાવગ્રસ્ત જીવનને લીધે અને મનના થતા અનેક રોગો વિષે અને તેના ઉપાયો વિશે વિસ્તૃત સમજ આપવામાં આવી હતી. આ પ્રસંગે માઉન્ટ આબુથી બ્રહ્માકુમારી ડૉ.ઉર્મિલાબેને ઉપસ્થિત રહી સ્લાઇડ શો સાથે રાજયોગ દ્વારા ગહન શાંતિ અને અનુભૂતિ વિષે વકતવ્ય આપ્યુ હતું. અને સકારાત્મક જીવન શૈલીની મેડીરેશન-રાજયોગ દ્વારા મનતું શશક્તિકરણ શક્ય છે. અને તનાવ મુક્ત જીવનથી સંપૂર્ણ સ્વાસ્થ્ય પ્રાપ્ત કરી શકાય છે તેવું જણાવીને ગહનશાંતિ અને અનુભૂતિ મેળવવા ઉપસ્થિત લોકોને રાજયોગના પાઠ ભણાવ્યા હતા. આ પ્રસંગે બ્રહ્માકુમારીઝ સેવા કેન્દ્ર ડીસા અને માઉન્ટઆબુમાં કાર્યકરો તેમજ ડીસા લાયન્સના હોદેદારો અને મોટી સંખ્યામાં નગરજનો ઉપસ્થિત રહ્યા હતા.

# મહેસાણામાં તંત્રની રહેમ નજર હેઠળ રેશનીંગની દુકાનોમાં થતી ગેરરીતિ સામે કાર્ડ ધારકોમાં ઉગ્ર રોષ

મહેસાણા, તા. ૫

પુરવઠાતંત્રની રહેમ નજરતળે રેશનિંગની દુકાનોએ ફાળવાતા જરૂરી ચીજવસ્તુઓના પુરવઠામાં કેટલાક સંચાલકો ગેરરીતિઓ આચરીને ઘણો ખરો પુરવઠો બારોબાર કાળા બજારમાં સગેવગે કરતા હોઇ કાર્ડ ધારકોમાં ભારે રોષની લાગણી ફેલાઇ છે.

મહેસાણા જિલ્લાના શહેરી અને ગ્રામ્ય વિસ્તારોમાં સરકાર માન્ય રેશનિંગની દૂકાનો ચાલે છે. આ દુકાનો હવે પંડિત દિન દયાલ ગ્રાહક ભંડાર તરીકે ઓળખાય છે. આવી દુકાનોએથી બી.પી.એલ. તથા અંત્યોદય કાર્ડ ધરાવતા લોકોને દર મહિને ઘઉં, ચોખા, ખાંડ, કેરોસીન વગેરે જીવન જરૂરિયાતની ચીજો સરકારે નક્કી કરેલ પ્રમાણ મુજબ વિતરણ કરવાનું હોય છે. પરંતુ કેટલાક દુકાનોના સંચાલકો કાર્ડધારકોને પૂરતા પ્રમાણમાં જરૂરી ચીજો આપતા નથી. અને ગેરરીતિઓ આચરીને ઘણોખરો જથો કાળાબજારમાં બારોબાર સગેવગે કરી નાંખે છે તેવું ચર્ચાય છે. કહે છે કે, રેશનિંગની દુકાનોએ ફાળવાતા જથ્થા પૈકી કેટલોક જથ્થો દુકાન સુધી પહોંચતો નથી. અને તેનો બારોબાર સોદો થઇ જતો હોય છે. આ બધુ છેલ્લા ઘણા વખતથી ચાલી રહ્યું છે. પરંતુ પુરવઠાતંના ભ્રષ્ટ અધિકારીઓ અને રેશનિંગની દુકાનોના સંચાલકોની મીલીભગતથી જ આ કૌભાંડ ચાલી રહ્યાનો આક્રોષ થઇ રહ્યો છે. કોઇ જાગૃત નાગરિક યા કાર્ડધારક આ અંગે અવાજ ઉઠાવે કે ફરિયાદ કરે તો તેને યેનકેન પ્રકારે દબાવી દેવાય છે. કેટલાક ગામોએ રેશનિંગથી દુકાનોમાં ફક્ત એક જ દિવસ પુરતુ કેરોસીનનું વિતરણ કરાય છે. માપમાં પણ ઓછુ અપાય છે તેમજ બિલો પણ આપવામાં આવતા નથી તેવા વ્યાપક ફરિયાદો થઇ રહી છે.

બીજુ જિલ્લામાં રેશનિંગની દુકાનોના લાયસન્સો અપાયેલ છે તેમાં ઘણી જગ્યાએ દુરૂપયોગ થઇ રહ્યાનું કહેવાય છે. જે વ્યક્તિઓને લાયસન્સો અપાયેલ છે તે પૈકી કેટલાય લાયસન્સ ધારકો દૂકાનોનું જાતે સંચાલન કરતા નથી અને અન્ય બીજા જ વ્યક્તિઓ દુકાનો ચલાવે છે. આમ લાયસન્સની શરતોનો સરેઆમ ભંગ થવા છતાં કોઇ તપાસ પણ નથી કે કોઇ પગલાં પણ ભરાતાં નથી. આવા સંચાલકો બીજાના લાયસન્સના આધારે રેશનમાં પુરવઠો મેળવીને મનસ્વીપણે વિતરણ કરે છે. મહેસાણા આ બાબતે રાજયના પુરવઠાપ્રધાન, નિષ્ઠાવાન અને પ્રામાણિક અધિકારીઓ છે. ઉઝા વિસનગર, બેચરાજી, વિજાપુર, ખેરાલુ તાલુકામાં વ્યાપક ગેરરીતી ચાલી રહ્યાનું કહેવાય છે. આ બાબતે ખાનગી રાહે રેશનિંગની દુકાનોનું ચેકિંગ કરાય તો ઘણી ચોંકાવનારી ગેરીરીતિઓ બહાર આવવાનો સંભવ છે.

### ખેડબ્રહ્મા ખાતે કોંગ્રેસના બુથ પ્રભારીઓની કાર્યશિબિર યોજાઇ

ખેડબ્રહ્મા, તા. ૫

ગુજરાત વિધાનસભા ચૂંટણીના ગણતરીના દિવસોબાકી છે ત્યારે ભાજપ અને કોંગ્રેસ પક્ષ હવે સજજ થઇ જતા ચૂંટણી જંગમાં ધીમે ધીમે ગરમાવો આવી રહ્યો છે. તે સંદર્ભે સોમવારના રોજ ખેડબ્રહ્મા તાલુકા કોંગ્રેસ પક્ષ દ્વારા ખેડબ્રહ્મા વિધાનસભાના મત વિસ્તારના બુથ પ્રભારીઓની કાર્ય શિબિર યોજાતા ૨૭૮ બુથના પ્રભારીઓની જવાહરલાલ નહેરૂ લીડરશીપ ઇન્સ્ટીટ્યૂટ ન્યુદિલ્હીના કાર્યકરો દ્વારા ટ્રેનિંગ આપવામાં આવી હતી.

દિલ્હીથી દિનેશ દુમરાજી, મુળશંકરજી કટારીયા, સાજીદખાન મકરાણી તથા ખેડબ્રહ્મા ધારાસભ્ય અશ્વિન કોટવાલ સહિત ખેડબ્રહ્મા વિજયનગર મત વિસ્તારના કોંગ્રેસ અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. જેમાં દિલ્હીથી ઉપસ્થિત રહેલા કાર્યકરોએ ગુજરાતના કાર્યકરોને બુથ લેવલે મતદાન કરાવવું, મતદાન કેવી રીતે કરાવવું તથા કેવી રીતે મતદાતાઓને બુથ સુધી લાવવા તે અંગે વિસ્તૃત માહિતી આપી હતી. આ શિબિરમાં વિજયનગર અને ખેડબ્રહ્મા મત વિસ્તારના ૮૦૦ કાર્યકર્તાઓએ હાજર રહી સુંદર માહિતી મેળવી હતી. શિબિરનું આયોજન સાગર પટેલ પ્રવિણસિંહ સોલંકી, ગોપાલભાઇ રાવલે કર્યુ હતું.

### વાડ ચીભડા ગળે તો પછી કોને કહેવાનુ ...!

# મોડાસા સ્ટેટીક સર્વેલન્સ ટીમના ૬ સભ્યોની રૂ.૧.૭૫ લાખની ચાંદી લઇ જવા -કરણે જેલ હવાલે

## રાજસ્થાનનો વેપારી ૬.૫૦ ગ્રામ વજનના ૧૫ બિસ્કીટ સાથે રાજકોટ દાગીના બનાવવા જતો હતો

હિંમતનગર,૫

ગુજરાત વિધાનસભાની ચુંટણીઓ મુકત અને ન્યાયી વાતાવરણમાં યોજાય તે માટે ચૂંટણી પંચ બાઝ નજર રાખી રહયું છે. ચુંટણીમાં પૈસાની હેરાફેરી અટકાવવા માટે સ્ટેટીક સર્વેલન્સ ટીમો કાર્યરત કરી સઘન ચેકીંગ થઇ રહયું છે. ચૂંટણી પંચની આ કામગીરી સામે વેપારીઓ વિરોધ પણ દર્શાવ્યો હતો તપાસના નામે કયાંક હેરાન ગતિ અને તોડ થતો હોવાની બૂમો પણ ઉઠી છે. સાબરકાંઠા જિલ્લાના મોડાસા ખાતે વાહન ચેકીંગના નામે સ્ટેટીક સર્વેલન્સ ટીમના ૬ સભ્યો રાજસ્થાનના એક વેપારી પાસેથી રૂ.૧.૭૫ લાખની કિંમતના પાંચ ચાંદીના બિસ્કીટ પડાવી લેતાં વેપારીએ મોડાસા પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવતાં ટીમના વડા અધિક મદનીશ ઇજનેર સિંચાઇ વિભાગ મોડાસા એ.ટી. પટેલ સહીત ૬ સભ્યો સામે ગુન્હો નોંધી જેલ હવાલે કરતાં જિલ્લામાં ખળભળાટ મચી જવા પામ્યો છે.

પોલીસ સૂત્રો પાસેથી -ાપ્ત થયેલ વિગત અનુસાર ચૂંટણી પંચના આદેશ અનુસાર મોડાસા તાલુકામાં સ્ટેટીક સર્વેલન્સ ટીમ જુદા-જુદા વિસ્તારમાં વાહન ચેકીંગ કરી રહી હતી. સોમવારે ટીમના હેડ એ.ટી. પટેલ (અધિક મદનીશ ઇજનેર સિંચાઇ વિભાગ) હેડ કોન્સ્ટેકલ બાબુભાઇ ભીખાભાઇ,લોકરક્ષક રાકેશ અમરતલાલ, ધવલ બેચરભાઇ હોમગાર્ડ શૈલેશ મીઠાલાલ તેમજ વિડીયોગ્રાફર રાજેશ -જાપતિની ટીમ મોડાસા રાણાસૈયદ પાસે વાહન ચેકીંગ કરી રહયા હતા. તે દરમિયાન વાંસવાડાથી અમદાવાદ જતી એક ખાનગી બસ અટકાવી મુસાફરોની તલાસી દરમિયાન રાજસ્થાનના કરણસિંહ ચૌહાણના થેલામાંથી ૬.૫૦ ગ્રામ વજનના ૧૫ જેટલા ચાંદીના બિસ્કીટ મળી આવ્યા હતા. ટીમે ચાંદીના બિસ્કીટ -કરણે કાયદેસર કાર્યવાહી કરવાની જગ્યાએ વેપારી પાસેથી ૫ બિસ્કીટ પડાવી લઇને તેને જવા દીધો હતો. વેપારીએ આ અંગે મોડાસા ટાઉન પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવતાં પોલીસે સ્ટેટીક ટીમના વડા એ.ટી. પટેલ પાસેથી ૩ ચાંદીના બિસ્કીટ તેમજ અન્ય પાસેથી ૨ બિસ્કીટ કબજે લઇ ટીમના ૬ સભ્યોને પકી જેલ હવાલે કરેલ છે.


(તસવીર : મગન વણઝારા, હિંમતનગર)

# વિદ્યાનગરી, શૈક્ષણિક સંકુલ, હિંમતનગર ખાતે સ્કોપ અને કોમ્પ્યુટર માર્ગદર્શન વર્કશોપ યોજાયો

હિંમતનગર, તા. ૫

સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર વિશ્વમંગલમ્ કેળવણી મંડળ હિંમતનગર ખાતે વર્તમાન સમયમાં ટેકનોલોજી શિક્ષણની અનિવાર્યતાને સાર્થક કરવા અને વિદ્યાર્થીઓમાં કોમ્પ્યુટર શિક્ષણ અને અંગ્રેજી ભાષા પ્રત્યે વિશેષ અભિરૂચી કેળવાય એવા ઉમદા હેતુસર ડી.એલ. પટેલ ઇન્સ્ટીટ્યુટ ઓફ મેનેજમેન્ટ એન્ડ ટેકનોલોજી અને મહિલા આર્ટસ કોલેજ, વિદ્યાનગરીના સંયુક્ત ઉપક્રમે 'સ્કોપ અને કોમ્પ્યુટર માર્ગદર્શન વર્કશોપ તા. ૫-૧૧-૨૦૧૨ના રોજ યોજાઇ ગયો.

કાર્યક્રમના આરંભે પ્રિ. ડૉ. કનૈયાલાલ એલ. પટેલે સૌ મહેમાનોને આવકારી કાર્યક્રમની ભૂમિકા રજૂ કરતાં જણાવ્યું કે જિલ્લાના વિદ્યાર્થીઓ કોમ્પ્યુટર અને અંગ્રેજી શિક્ષણ મેળવી વ્યક્તિગત કારકિર્દી બનાવી શકે તે આશયે સદર કાર્યક્રમ યોજાયો છે. મંડળના પ્રમુખ ડી.એલ. પટેલે સૌ તાલીમાર્થીઓને શુભેચ્છાઓ પાઠવી હતી. આ પ્રસંગે કેમ્પસ ડાયરેક્ટર શ્રી આર. બી. રાવલના હસ્તે વર્કશોપનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું. સર્જન ટ્રસ્ટના મંત્રીશ્રી એમ.ડી. પટેલે પ્રસંગોચિત વકતવ્ય આપ્યુ હતું. વક્તા પ્રિ. સુધીરભાઇ પટેલે કોમ્પ્યુટરની ઉપયોગીતા, ઇન્ટરનેટ તથા તેની કામગીરીના સરળ ઉપાયો સમજાવ્યા. આ વર્કશોપમાં કોલેજની ૧૦૦ વિદ્યાર્થીની બહેનો જોડાઇ હતી. કાર્યક્રમનું સમગ્ર સંચાલન પ્રો. બી.એલ. પટેલે અને આભારવિધિ પ્રા. બી.એફ. દેસાઇએ કરી હતી. સૌ સ્ટાફના સહકારથી કાર્યક્રમ સફળતાને વળ્યો હતો.

ગાંધીનગર શહેરની મધ્યમાં અદ્યતન ઓટોમેટીક મશીનોથી સજ્જ
સીયાટ એપોલો ગુડઇયર કંપનીના ટાયરની
સંપૂર્ણ રેન્જનો અધિકૃત વિશાળ શો રૂમ
Nirmala Tyres
Authorised DEALER : CEAT, APOLLO TYRES
CEAT TYRES
APOLLO TYRES
ઉપલબ્ધ સેવાઓ :
- ઓટોમેટીક મશીન ઉપર ટાયર ફીટીંગ
- ટ્યુબલેસ ટાયરનું પંચર કરી આપવામાં આવશે.
- હાઇ ક્વોલિટી પંચર સર્વિસ
- મોટી ટ્રકો તથા ટ્રેક્ટરના ટાયરો હાજર સ્ટોકમાં તદ્દન વ્યાજબી ભાવે મળશે.
રવિવારે શો-રૂમ બપોરે ૧ વાગ્યા સુધી ચાલુ રહેશે
એપોલો એકસીલીયર ટ્યુબલેસ ટાયરની સંપૂર્ણ રેન્જ મળશે.
૩૭૯/૨, સેક્ટર-૧૬, શાલીમાર સિનેમા પાસે, ગાંધીનગર.
ફોન : ૨૩૨ ૩૯૩૫૧, મો. : ૯૮૨૪૦-૬૪૭૨૮

A 1000 Sq.Ft. A/C Showroom in your city with exclusive display of
Ceramic Wall Tiles | Virtified Tiles | Ceramic Floor Tiles
Aquart | Wall Cladding | Marble Stone * Quartz
and a wide range of vivid pattern with extinguish combinations.
એક્સક્લુસિવ શો-રૂમ
asian TILES WORLD
Radhe ENTERPRISE
F.F. 101/102/103, Jay Yogeshwar Complex, Nr. City Pulse Cinema, Opp. Kudasan Bus Stop Gandhinagar - Koba High way, Gandhinagar. Mobile : 94265 13601

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
પ્લોટ નં. ૪૦૩, જી.આઇ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧
સુવિધાઓ
● વ્હીલ એલાઇનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઇઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઇલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઇલ ચેઇન્જ
EXIDE બેટરીના ઓથોરાઇઝ્ડ ડીલર
કેસ્ટ્રોલ ઓઇલના ઓથોરાઇઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન